# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચન્દ્ર

## લેખાંક-૧૫
## કેડિત્સુની કવિતા :

(આપણી, પણ અપનાવવી હજુ બાકી. ગતાંકથી, આ અંકે પૂર્ણ.)

*

'ગતાંકે જેની વાત શરૂ કરી હતી, એ કવિતા શેને વિશે છે?' – એવો કોઈ સવાલ આ લેખને આરંભે હું કરું તો મારા એ દેખીતા અવિનયથી છેડાઈને કોઈ વાચક તરત જવાબ વાળે કે 'રંડી વિશે, અલબત્ત, રચનાનું સ્પષ્ટ શીર્ષક કહે છે તેમ.' એવી પરિસ્થિતિમાં મારે એ વાચકને 'સૉરી' કહેવાનો વારો આવે. હવે આ 'સૉરી' શબ્દ કેડિત્સુની આ કવિતા જેવો જ અર્થબહુલ છે! 'માફ કરો, મારો એ સવાલ ખોટો હતો, તમને એવો સહેલો સવાલ મારાથી ન પુછાય', – એ આ 'સૉરી'-નો એક અર્થ. પણ, 'માફ કરજો, પણ આપનો ઉત્તર ખોટો છે, એ કવિતાનું શીર્ષક 'રંડી' (મૂળ કૃતિમાં 'વ્હોર') હોવા છતાં, એ કવિતા માત્ર, બલ્કે મુખ્યપણે વેશ્યા વિશે નથી', -- એ આ 'સૉરી'-નો બીજો અર્થ. 'સૉરી?' એમ પ્રશ્નાર્થ તો વળી એથીયે વધારે રીતે અનેકાર્થ છે, પણ એની વાત ફરી ક્યારેક. આજે તો એ 'સૉરી'થીયે વધારે અને જુદી રીતે જે અનેકાર્થ સમૃદ્ધ છે, એવા આ ધ્વનિકાવ્યનો આનંદ માણીએ.

એને ઊંડાણથી જાણીને રસજ્ઞપણે માણવા માટે એ કૃતિને નજીકથી વાંચીએ. સાવ સરળતાથી સંકુલ બની શકતી, આસાની સે એમ્બિગ્યુઇટી રચી શકતી, આ કવિતાને ધ્યાનથી, વિનયથી, રસથી તપાસીએ.

*

આ રચનાનો દેખીતો અર્થ, એના બહુ બોલકા લાગતા શીર્ષક, 'રંડી/Whroe'-માં જે કહી દેવાયેલો જણાય છે, એને એ રચનાની પહેલી પાંચ પંક્તિઓમાં કવિ એવી જ મુખરતાથી દઢાવતા દેખાય છે. 'હું તો આ પડી ચત્તીપાટ ને સાવ ઉઘાડી', એવા શબ્દો સુધી જતી આ રચનાની પહેલી ચાર પંક્તિઓમાં એક 'રંડી' સ્ત્રી કહે છેઃ 'મને તે વળી કોણ પૂછે કે મારે ભેગું સૂવું છે કે કેમ?/ કોણ પૂછે મને કે હું તૈયાર છું કે નહીં?/ શરીરે ક્યાં

હળવુંક અડ્યે સુખ સુખ થઈ જાય મને?/ ને ક્યાં મારી કાયા હોય કોઈનીયે પહોંચની બહાર?' પછી ઉમેરે છેઃ' હું તો આ પડી ચત્તીપાટ અને સાવ ઉઘાડી.'

આ કાવ્ય, અલબત્ત, એક પણ્યાંગનાની પીડાનું કાવ્ય છે, એમ આ આરંભ વાંચતાં પહેલી જ નજરે દેખાઈ આવે. આપણું કામ નજર ઠેરવવાનું છે, એ દેખીતું દૃશ્ય આપણી નજરને કશાક નજરઅંદાજ તરફ લઈ જતું હોય તો ત્યાં આઘે સુધી થાક્યા-કંટાળ્યા વગર જવાનું છે.

કોઈનીયે પીડાનાં પોસ્ટરો જોવામાં સહુને ભારે રસ પડે છે. દસકાઓ પહેલાં, જર્મનીના ફ્રેન્ક્ફર્ટ નગરમાં 'એક્ઝોટિકા' એ વિષય પરના એક પરિસંવાદમાં જોડાવાનું થયું હતું. માલ વેચતી જાહેરાતોમાં કશુંક સામાન્ય વેચવા માટે કશાક એક્ઝોટિક, અસામાન્ય પ્રાણી કે સ્થળનો કેવો ચતુર ઉપયોગ થાય છે, એની ચર્ચા ચાલતી હતી. આપણા 'ચિત્ર-વિચિત્ર' શબ્દની અને 'વૈચિત્ર્ય' સંજ્ઞાની વાત મેં ત્યાં માંડી. ચર્ચા જામતાં, માત્ર જાહેરાત અને વેચાણનું જ નહીં, રસાનુભવ અને કલા-આલેખનનું લોકેશન પણ ક્યારેક 'એક્ઝોટિકા' કઈ રીતે પૂરું પાડે એની વાત બાણની 'કાદંબરી'-ના ઉલ્લેખો સાથે કરી. પીડાનાં પોસ્ટર ક્યારે બને, વિકલ્પે, શોકનો શ્લોક ક્યારે બને, એ કલા-પ્રાણ-પ્રશ્ન કોરાણે મૂકવા જેવો નથી, એમ સહુને ત્યાં લાગ્યું.

પીડાનું પોસ્ટર ન બનાવતાં શોકનો શ્લોક બનાવવાનો કવિનો કીમિયો કયો, એ સવાલને જો નજરઅંદાજ કર્યો તો વેશ્યાજીવનની આ પાંચ લીટીઓમાં આલેખેલી અને બીજી પીડાઓ, અપમાનો, ગંદકીઓની વાતો સાંભળવા વાચક તરત તૈયાર થઈ જાય. પણ્યાંગનાઓના દેહ જ નહીં, એમની કહાણીઓ પણ લોકરંજનની ચીજ બને છે. એ મસાલામાંથી સાહિત્યનો અને સિનેમાનો કેટકેટલો તકલાદી પણ બજારમાં બહુ ખપતો માલ પેદા થયા કરે છે! બજારમાં ખપે એ ખરું સાહિત્ય, એવી માન્યતા આજે ગુજરાતમાં કેટલી વ્યાપક છે, એ જોવા જેવું છે! આપણા ઝીણું અને આઘું જોઈ શકતા કવિ અને કાવ્યમીમાંસક ચન્દ્રકાન્ત ટોપીવાલાએ 'પણ્ય કવિતા' જેવી સંજ્ઞા આવા જ એ સંદર્ભે દશકો પહેલાં પ્રયોજી હતી. કેડિત્સુની આ રચના ઉતાવળે અને અધૂરી વાંચવી, એ એનું અપવાચન બને.

*

પણ 'રંડી'-ની એ પહેલી પાંચ પંક્તિની સરફેસ ટેક્સ્ટ પર,એના સપાટીના પાઠ પર ન અટકતાં એ જ પંક્તિઓનું ડીપરીડિંગ એટલે કે ધ્વન્યાર્થ આકલન કરીએ. એમ કરવાથી એક ભડકરંગી અને સપાટ ચિત્ર એક અનેક-પરિમાણી વિ-ચિત્રમાં, બલ્કે વૈચિત્ર્યમાં, કહો કે રસ-વૈચિત્ર્યમાં પલટાતું આપણી નજર સામે જોઈ શકીએ. અને પોતાની જાતને 'રંડી' તરીકે ઓળખાવતી એ નારીનો એ આત્મ-તિરસ્કાર એની કેવી ઊંડી અને લાંબી વેદના અને અસહાયતામાંથી આવ્યો હશે, એનો થોડોક ખ્યાલ (ચોખલિયા હોઈએ તોયે) આવે.

કેડિત્સુની આ રચના એક કાવ્ય-રચના છે. શીર્ષક અને પહેલી કડી વડે વાચકમાં એ જે અપેક્ષા ઊભી કરે છે, એને પૂર્ણ કરીને વાચકને એના મનપસંદ કંફર્ટ ઝોનમાં

રાખવાનું પુણ્યકર્મ/પણ્યકર્મ એ કવિતા નથી કરતી. એ તો આગલી જ કડીથી સત્વર અપેક્ષા ભંગ કરી વાચકને, એને છાજે એવી, સર્જનાત્મક સાહસ સફરે ઊપડવાની સવલત કરી આપે છે. કેડિત્સુની આ કાવ્યરચનાની હવે પછીની કડી વાંચોઃ

'[હું તો આ પડી ચત્તીપાટ ને સાવ ઉઘાડી./] ફરી ફરી થયેલા હુમલાઓ પૂરા થયા બાદ, / એક વેળાની મારી ગરવીલી ટેકરીઓ હવે નિંગળે ઢીલીઢફ/ પેલા ત્રાટકેલા વરસાદના ઝડીમાર હાથોમાં ઘોળાઈ ઘોળાઈને હવે રોતી આંસુના મટોડિયા રેલાઓ રેલાવતી.' – 'ફરી ફરી'થી શરૂ થતા આ કડીના આ અઠ્યાવીસ શબ્દો વાંચતાં વાચકને અઠ્યાવીસ કલાક થાય, કે દિવસો, તોયે નવાઈ નહીં લાગે. કેમ કે, ધ્યાનથી, વિવેકથી, કાવ્યજ્ઞતાથી વાંચતાં એ અઠ્યાવીસ શબ્દોના અંતરાલમાં એક નારીનું રૂપાંતર એક ભૂમિમાં થતું ભાવક પોતાની નજરે જોઈ શકે છે! કોઈ કુમારિકાનાં નિર્મળ અને ઉન્નત 'ગરવીલાં' ઉરોજ, એ કિશોરી ક્યાંક નેપાળ કે પૂર્વોત્તર ભારતમાંથી કૉલકાતા-મુંબઈના 'બદનામ લત્તાઓ'માં વેચાયા બાદ, અને 'ફરી ફરી થયેલા હુમલાઓ પૂરા થયા બાદ' લોહી-પરસેવે નીતરતાં 'નીંગળે ઢીલાંઢફ' – એ ચિત્ર કોઈ પણ્યપદ્ય કે પણ્યગદ્યમાં પોસ્ટર બનીને પડ્યું રહેત. પણ આ રચનામાં કશોક ચમત્કાર થાય છે –કાવ્ય-ચમત્કાર. રંડીનાં સ્તન હવે માત્ર રૂપકે કરીને ટેકરીઓ નથી રહેતાં, હવે એ કલ્પને કરીને, કલ્પન રૂપે, ટેકરીઓ બને છે, બલ્કે હવે એ સ્ત્રીનો દેહ પોતે જ ભૂમિના પથરાટમાં, આ કાવ્યની શક્તિ વડે, પલટાવા લાગે છે. વાંચીએઃ

> 'એક વેળાની મારી ગરવીલી ટેકરીઓ હવે નિંગળે ઢીલીઢફ/ પેલા ત્રાટકેલા વરસાદના ઝડીમાર હાથોમાં ઘોળાઈ ઘોળાઈને હવે રોતી આંસુના મટોડિયા રેલાઓ રેલાવતી./ મારી નદીઓને એમના પોતાના પટોમાંથી ઝાટકાભેર ખેંચી કાઢી છે કોકે અને છોડી મૂકી છે દોટો કાઢવા/ ધાક ખાઈ ગયેલાં જંગલો સોંસરી જઈ પહોંચવા મન ભીતરની સાવ વેરવિખેર ભોમકામાં.'

– કેડિત્સુની આ કવિતાની મૂળ વાત જ આ 'ભોમકા'-ની છે. સહૃદય ભાવક અનુભવવા લાગે છે કે જેને 'રંડી' બનાવી છે એ આપણી ભોમકા જ છે, માતૃભૂમિ. એક ઈડિપલ ઉલ્લંઘન, આ સમકાલીન સંસ્કૃતિમાં, આપણે જ જો કદાચ કર્યું નથી તો થવા દીધું છે. લૅન્ડમાફિયા, સૅન્ડમાફિયા, માઇન-માફિયા, કંઈ કેટકેટલા માફિયા આપણી ભૂમિ પર મહાલે છે. કંઈ કેટકેટલી સત્તાઓ એ માફિયાને આશ્રય આપે છે કે એની આશ્રિત છે. 'પંપાળી રાખ્યો ઇંદ્રે આસન હેઠે તક્ષકને', એમ 'સિંહવાહિનીસ્તોત્ર'-માં મેં જ્યારે લખ્યું ત્યારે કલ્પના નહોતી કે એક નાગ કવયિત્રીની એક કવિતામાં 'તક્ષક' નાગથીયે વધારે ઝેરીલા 'આર્ય' પરિબળોની મીમાંસા કરવાનું બનશે ! નાગાલૅન્ડની એક કવિ ભારતભરમાં સહુને એ વાત આ કાવ્યમાં, કવિતાની રીતે કહે છે. બલ્કે જગતભરમાં. પૃથ્વીની, પ્રકૃતિની, માટીની (અને અંતે આપણી) આજની કરુણાંતિકાનું કાવ્ય આપણે આજે વાંચીએ છીએ.

*

જોકે માટીના મનભીતરની કહાણી આજ સુધી આવી બીભત્સ-કરુણ નહોતી.

શતકો, સહસ્રાબ્દો સુધી માણસ અને માટી વચ્ચે પ્રેમી અને નારીનો હોય એવો સ્નેહસંબંધ હતો, ઘરાક અને રંડી વચ્ચે હોય એવો યંત્રવાદી-મૂડીવાદી-વિધ્વંસક અને નિષ્ઠુર-નિર્મતિ સંબંધ નહોતો. કવિ કેડિત્સુ એ સ્નેહ-સંબંધના અદ્‌ભુત, નાજુક, ગુજરાતી કાવ્યશાસ્ત્ર જેને 'દ્વયાશ્રયી' કહે એવાં (નારી અને ધરતી બન્ને અંગેનાં હોય તેવાં), ધ્વનિસભર કલ્પનો આ કાવ્યમાં આલેખે છે. જોઈએ:

> 'પ્રેમીજન હતા મારા એક વેળા,'

એ સ્મરણમુગ્ધ સ્ત્રી/ધરતી જાણે પોતાને જ કહે છે! કેવી હર્ષથી અને કરુણતાથી, જાણે રોતે રોતે હસતાં, કહે છે! મનની આંખે એ એક વીતી ગયેલું દૃશ્ય જુએ છે:

> 'કેવી કુમાશથી સરકાવી દેતા પેલા નાજુક ધરુ/ટેકરીના ઢાળ પર ખુલ્લી અગાસી જેમ ઊઘડતા મારા ધરુવાડિયા ખેતરની ગોરાડુ માટીની અંદર. / પછી ટેકરીઓ બધી મહેકી ઊઠતી ચોમેર/ ગાભણી બનેલી ઝુન્હેનાં મ્હેક મ્હેક અને મીઠાં મીઠાં અમરતથી.'

જાણે આ જ પળે એ બધું સુખ અનુભવાતું હોય એમ નારી/ધરણી બોલે છે. પણ એ જાણે છે કે એ એની આજ નથી. ગઈ કાલ હતી. એ સુખ ક્યારે અનુભવ્યું હતું? એ જવાબ આપે છે:

> 'દૂર દૂરના એ વિશ્વાસુ જુગમાં.' 'ઇન ધૅટ એપોક ઑફ ટ્રસ્ટ.'
> 'ટારોના છોડવા સૂરજ તરફ ઊછળતા, ફેલાવતા /પોતાનાં પહોળાં પાંદડાંની હથેળીઓ/ પોતાના પ્રેમીઓ માટે/એમનાં નાભિસ્થાનો ગોતતી.'

કમળપત્ર જેવાં પહોળાં પાન હોય ટારોના છોડને. અને કોઈ છોછ ન હોય પ્રકૃતિને કે પ્રકૃતિનાં સંતાનો સમા આ નાગલોકને. સ્નેહસભર કામ જેવું સ્વચ્છ બીજું શું હોય?

> 'वेदाभ्यासजडः कथं नु विषयव्यावृत्तकौतूहलो
> निर्मातुं प्रभवेन्मनोहरमिदं रूपं पुराणो मुनिः ॥'

એમ ભારતીય કવિતાના કુલગુરુ કાલિદાસ પૂછી શકે છે.

કેડિત્સુની નારી/પ્રકૃતિ/પૃથ્વી છડેચોક કહી શકે છે, એના પ્રેમીઓનાં નાભિસ્થાનો હતાં 'રાતાં, શ્યામળાં, ઘઉંવરણાં, રૂપેરી.' વટથી (અરે કેવી કરુણતાથી) એ કહે છે:

> 'મારાયે હતા પ્રેમીજન, /મને ઓળખતા આખેઆખી,/મારી ટેકરીઓને, મારાં પાણીડાંને, મારાં વનોને./ મારાં તરુવર ભેળા સૂઈ જતા એ, પોઢી જતા મારા વહોળાને કાંઠે, / પોતાના ખુલ્લા પગે ચાલતા, લોહી ધબકતા પહોંચાઓ વડે મારી વનરાઈ વચ્ચેથી પગદંડીઓ પથરાવતા. / પ્રેમીજન, જે ચાહતા કે મારાં તરુવર પાછાં પહોંચી જાય પોતપોતાના ક્યારડે, /મારી રજા માગવા, મારી હા સાંભળવા, /હા, સપનાંઓના એક દેશમાં.'

હવે કામનાઓ અને આનંદનો એ દેશ બની ગયો માત્ર સપનાંઓનો દેશ. હવે નવા વાસ્તવની વરવી સત્તાની પકડમાં આવેલું પેલું એકેએક ક્રિયાપદ ('મારેયે હતા પ્રેમીજન' -થી છેવટ સુધી) કેવળ ભૂતકાળ સૂચવતું ક્રિયાપદ બની ગયું છે. આપણા

વાક્યના (એને મહાવાક્ય કહીશું કે હીનવાક્ય? એ)-નાં બધાં નામો, વિશેષણોને હતાં-ન-હતાં કરી નાખતું કેવળ ભૂતકાળસૂચક ક્રિયાપદ.

*

પણ કેડિત્સુ કવિ છે. કવિ કંઈ દરેક લડત જીતે નહીં. પણ જે કવિ છે એ એકેય લડત હારે નહીં. ગાંધી એ જાણતા હતા એટલે કહેતા હતા કે સત્યાગ્રહીએ હારવાપણું કદી હોય જ નહીં. સત્યાગ્રહીને મર્યે પણ સત્યાગ્રહ ન મરે. ન જીતવું એ એક વાત છે. હારી ખાવું એ અલગ ચીજ છે. કવિ કાલિદાસનો સૌંદર્યાગ્રહી, ગાંધીના સત્યાગ્રહીની જેમ જ, ક્યારેયે હારે નહીં. અને એ વાત જ તો વિજયોના મદમસ્ત નશા કરનારાઓને કઠે છે.

કેડિત્સુની કવિતાની નારી, આ માટી, જોકે જાણે છે, બરાબર જાણે છે કે આપણી આ નિંભર આજમાં 'કોઈ પ્રેમીજન નથી મારે, હવે.' એ જાણે છે કે આજે તો છે 'ફક્ત હુમલાખોરો, જે પોતાને મનફાવે એ કરે છે અને પોતે જે ધાર્યું હોય એ ઉઠાવી જાય છે.'

એ છતાં આ બળકટ નાગ નારીની આ બળકટ કવિતા આખરના શબ્દો કયા, કેવા, કઈ રીતે બોલે છે એ આપણે સહુ પોતપોતાના ચિત્તના એકાંતમાં સાંભળીએ (ક્યારેક ભેગા થઈને કશુંક બોલવાનો અવસર આવે તો નિર્ભય બની બોલી શકીએ, એ વાસ્તે, પહેલાં તો આપણા એકાંતમાં સાંભળીએ) :

'પ્રેમસૂની ને પોતાની ઓળખ ગુમાવી બેઠેલી એવી આ હું
હવે કરમાતી જાઉં છું ને વિખરાતી જાઉં છું,
દુર્બળ, વાટ જોતી કોકની જે આવીને પૂછે મને
કે કઈ રીતે વિદાય થવા માગું છું હું?
કે વાટ જોતી કોક એવાની
જે આવીને મને એવું આછેરું બોલતી સાંભળે
કે હું હજી અહીં રહેવા ચાહું છું, વાટ જોવા
મારા એક આખરના પ્રેમીની.'

— એવું આછેરું બોલતી રહેશે, આપણી આ ગુજરાતી ભાષા, ત્યાં સુધી વિશ્વાસ છે કે એનો આખરનો પ્રેમી આવવાનો. આપણે પણ એના આછેરા બોલ સાંભળવાની શક્તિ ત્યાં સુધી જાળવીએ.

૨૩ મે' ૨૦૧૯.
સમા, વડોદરા.

❑